42521

**GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**(Gujarat Vepari Mahamandal)**
**Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,**
**Ashram Road, Ahmedabad-380009**
**Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4**
**Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org**

# Press Note

1st February, 2019

In response to the Interim Union Budget 2019-20 announced today by the Union Minister Mr. Piyush Goyal, GCCI President Dr. Jaimin Vasa and his team of office bearers mentioned that it was an overall favorable budget as steps to promote welfare of small farmers and low-income workers, as well as initiatives towards rural development, digital infrastructure development, and tax incentives to individual taxpayers have been announced.

- GCCI President mentioned that the report of the government as well as new initiatives for the coming period have been announced in the budget. Also, a 10-point vision for the nation for 2022 has been given for the first time in the budget which is applaudable.
- Dr. Vasa appreciated the increase in FDIs over the last 5 years. He further applauded the initiatives of setting up of Rashtriya Kamdhenu Yojana and a separate department for the fisheries sector announced in the budget, and said that these steps will provide a boost to the dairy, animal husbandry and fisheries sector of Gujarat. He also appreciated the step of providing 2% interest subvention for farmers pursuing animal husbandry.
- Dr. Vasa added that the announcement of direct credit of Rs. 6000 in the bank accounts of farmers having land upto 2 hectares is a welcome step.
- Dr. Vasa appreciated the announcement of Mega Pension Scheme under which government will provide assured monthly pension of Rs. 3000 to workers from the unorganized sector, after the age of 60 years with contribution of Rs. 100.
- Dr. Vasa added that initiatives such as digitalization of villages and creation of an artificial intelligence portal are also appreciable steps which will reap benefits in the future.
- GCCI's Sr. Vice President Shri Durgesh Buch appreciated the step to increase the tax-exempt slab from Rs. 2.5 lakhs to Rs. 5 lakhs. He also added that the increase in Standard Deduction from Rs. 40,000 to Rs.50,000 will provide added benefit to the middle-class taxpayers.
- Shri Buch added that the increase in TDS threshold on interest on bank and post office deposits from ₹10,000 to ₹40,000, and raising the TDS threshold on rental income from ₹1.8 lakh to ₹2.4 lakh are also welcome steps. He added that the step to exempt second self-occupied house is also applaudable.
- Shri Buch also remarked that if this scrutiny is done within 24 hours through digital process and refunds issued immediately, it will greatly boost the confidence of the taxpayers towards the government and also put an end to corruption.

Overall, the GCCI Office bearers were of the opinion that the budget is a favorable, well-thought out and forward-looking budget.

---

Editor/Chief Reporter/Commercial Editor/ Bureau Chief/News Editor

For favor of publication,

**Hasmukh Hingu**
**C.E.O.**

GCCI

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

42522

## Press Note

તા. ૧-૨-૨૦૧૯

**વિષય : ઈન્ટરીમ બજેટ-૨૦૧૯-૨૦ને GCCIનો આવકાર.**

આજ રોજ કેન્દ્ર મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા ઈન્ટરીમ યુનિયન બજેટ ૨૦૧૯-૨૦ જાહેર કરવામાં આવ્યું હતું. આ બજેટ અંગે પ્રતિભાવ આપતાં GCCIના પ્રમુખ ડૉ. જૈમિન વસા અને તેમની હોદ્દેદારોની ટીમે બજેટને આવકારતાં જણાવ્યું હતું કે આ બજેટમાં નાના કિસાનો અને ઓછી આવક ધરાવતા કામદારો ના હિતમાં મહત્ત્વપૂર્ણ પગલાંઓ લેવામાં આવ્યા છે અને ગ્રામીણ વિકાસ, ડીજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને વ્યક્તિગત કરદાતાઓ માટે ઈન્કમટેક્ષમાં રાહતો આપવામાં આવી છે.

- GCCIના પ્રમુખ ડૉ. જૈમિન વસાએ જણાવ્યું કે આ બજેટમાં સરકાર દ્વારા હજુ સુધી થયેલ કામગીરી અને આવનારા સમય અંગેની નીતિ વિષે માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આ બજેટમાં પ્રથમ વખત લાંબા ગાળાનું રાષ્ટ્રનું ૧૦ મુદ્દાઓનું વીઝન આપવામાં આવ્યું છે જે આવકાર્ય છે.
- ડૉ. જૈમિન વસાએ છેલ્લા પાંચ વર્ષમાં એફ.ડી.આઈ.માં થયેલ વધારાને આવકાર્યું હતું. વધુમાં તેમણે રાષ્ટ્રીય કામધેનુ યોજના ઉદ્યોગ અને મત્સ્યોદ્યોગ માટેના નવા ડીપાર્ટમેન્ટની જાહેરાતને આવકારતા જણાવ્યું હતું કે આ પગલાંઓ ગુજરાત રાજ્યમાં વિકસી રહેલ ડેરી, ગૌ આધારિત અને મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપનારાં બની રહેશે. ડૉ. જૈમિન વસાએ પશુ પાલન કરતાં કિસાનોને વ્યાજ રાહત આપવાના સરકારના પગલાંને પણ આવકાર્યું હતું.
- બે હેક્ટર સુધીની જમીન ધરાવતા કિસાનોના બેન્કમાં રૂા.૬,૦૦૦/- જમા કરવાની કિસાનોના હિતમાં કરેલ જાહેરાતને પણ GCCI દ્વારા આવકારવામાં આવ્યું હતું.
- ડૉ. જૈમિન વસાએ મેગા પેન્શન સ્કીમ અંતર્ગત અસંગઠિત ક્ષેત્રના કામદારોને માત્ર રૂા.૧૦૦/- ની રકમ જમા કરાવવા બદલ ૬૦ વર્ષની વય પછી રૂા.૩,૦૦૦/- પ્રતિ માસ એસ્યોર્ડ પેન્શન આપવાના પગલાં ને આવકાર્યું હતું.
- ડૉ. જૈમિન વસાએ જણાવ્યું કે ગ્રામીણ ક્ષેત્રોમાં ડીજીટલાઈઝેશન તેમજ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ માટેનું પોર્ટલ બનાવવાના પગલાંઓ ભવિષ્યમાં વિકાસ માટે ખુબજ લાભદાયી બની રહેશે.
- GCCIના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી દુર્ગેશભાઈ બુચે ટેક્ષ એક્ઝામ્પશનની ન્યુનતમ મર્યાદા રૂા.૨.૫૦ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવાના મહત્ત્વપૂર્ણ પગલાંને આવકાર્યું હતુ અને વધુમાં તેમણે સ્ટાન્ડર્ડ ડીડક્શનને રૂા. ૪૦,૦૦૦/- થી વધારીને રૂા.૫૦,૦૦૦/- કરવાની જાહેરાતને પણ આવકાર્યું હતું. તેમણે જણાવ્યું કે આ પગલાંઓ થકી મધ્યમવર્ગના કરદાતાઓને ઘણી મોટી રાહત થશે.
- શ્રી દુર્ગેશભાઈ બુચે વધુમાં જણાવ્યું કે બેન્ક અને પોસ્ટ ઓફીસમાં જમા રકમ ઉપર વ્યાજ પર ટી.ડી.એસ.ની ન્યુનતમ મર્યાદાને રૂા.૧૦,૦૦૦/- થી વધારીને રૂા.૪૦,૦૦૦/- કરવા અને ભાડાની આવક પર ટી.ડી.એસ.ની ન્યુનતમ મર્યાદાને રૂા.૧.૮ લાખથી વધારીને રૂા. ૪ લાખ કરવામાં આવ્યા છે જે સારા પગલાં છે. વધુમાં તેમણે જણાવ્યું કે બીજા રહેણાંક ઘર પર ટેક્ષ એક્ઝામ્પશન આપવામાં આવ્યું છે જે પણ સરાહનીય બાબત છે.
- ઈન્કમટેક્ષ ના રીટર્ન એસેસમેન્ટની પદ્ધતિને બે વર્ષની અંદર સંપૂર્ણ રીતે ડીજીટલ બનાવવા અને સ્ક્રુટિનીની પ્રક્રિયાને ૨૪ કલાકની અંદર પુરું કરી ત્વરિત રીફંડ આપી દેવાની જાહેરાત ખુબજ આવકાર્ય છે તેવું શ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે જો આ પદ્ધતિ કાર્યરત થઈ જાય તો તેનાથી માનવીય દરમ્યાનગીરી નહિવત થઈ જવાથી કરપ્શનને તિલાંજલી આપી શકાશે અને કરદાતાઓનો સરકાર પ્રત્યે વિશ્વાસમાં પણ ખુબ વધારો થશે.

એકંદરે આ બજેટ સાનુકૂળ અને લાંબાગાળાના વિઝન સાથેનું બજેટ કહી શકાય તેવું GCCIના હોદ્દેદારોનું માનવું છે.

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**હસમુખ હિંગુ**
*સી. ઈ. ઓ.*